।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૨૦** **WRITER** **YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.** **(૧૦)**

**(૧) નીચેના શબ્દોનું માગધી લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૫)**

૧. સિદ્ધાંત **આગમે** **પ્રતિક્રમણના ચોથા પાઠમાં**

૨. સમતારૂપ સામાયિક વિશે **સામાઈએ** **પ્રતિક્રમણના બીજા પાઠમાં**

૩. પ્રાયશ્ચિત્ત લઈને **પડિક્કમિને** **સંથારાના પાઠમાં**

૪. નહિ કરવા વડે **અકરણયાએ** **ત્રીજા શ્રમણસૂત્રમાં**

૫. શુદ્ધ અંતઃકરણથી **મણસા** **પાંચમા શ્રમણસૂત્રમાં**

**(૨) બીજા શ્રમણસૂત્રના આધારે લખો.** **(૩)**

૧. મને આજે ગુલાબજાંબુ જોઈએ છે. **ઓહાસણભિક્ખાએ**

૨. બી હોવાની શંકા હોવા છતાં આહાર લેવો. **સંકિએ**

૩. દાળમાં ઘણા કોકમ હોવા છતાં દાળ લેવી. **પારિટ્ઠાવણિયાએ**

**(૩) પાઠપૂર્તિ કરો.** **(૨)**

૧. આદર્યા છે તે **આલોવી પડિક્કમિ નિંદી નિઃસલ્ય** થઈને

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.** **(૫)**

૧. ત્રીજે ગુણસ્થાને શેનો અનુદય હોય? શા માટે? **આનુપૂર્વીનો અનુદય હોય કારણ આ ગુણસ્થાન અમર છે માટે.**

૨. છટ્ઠા ગુણસ્થાને દર્શનાવરણીયની કઈ પ્રકૃતિ જાય? શા માટે? **થીણદ્ધિ ત્રિક કારણ કે અપ્રમત્ત અવસ્થા માં ત્રણ ગાઢ નિદ્રા ન હોય.**

૩. અગુરુલઘુ ચોકમાં કઈ પ્રકૃતિ હોય? **અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ.**

૪. આઠમા ગુણસ્થાને કયા સમકિત હોય છે? **ઉપશમ અને ક્ષાયિક બે સમકિત હોય છે.**

૫. ઉદયના ભેદ લખો. **પ્રદેશોદય અને વિપાકોદય.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૫)**

૧. ઉપઘાત નામ **૧ થી ૧૩ ગુણસ્થાન સુધી** **૧૩ મા ગુણસ્થાન છેડે**

૨. નારાચ સંઘયણ **૧ થી ૧૧ ગુણસ્થાન સુધી** **૧૧ મા ગુણસ્થાનના છેડે**

૩. સમકિત મોહનીય **૪ થી ૭ ગુણસ્થાન સુધી** **૭ મા ગુણસ્થાનના છેડે**

૪. દાનાંતરાય **૧ થી ૧૨ ગુણસ્થાન સુધી** **૧૨ મા ગુણસ્થાન છેડે**

૫. તિર્યંચાયુ **૧ થી ૫ ગુણસ્થાન સુધી** **૫ મા ગુણસ્થાનના છેડે**

**(૫)**

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શેનો ત્યાગ કરવો પ્રાણીઓ માટે કઠીન છે?

**શબ્દાદિ કામભોગનો ત્યાગ કરવો પ્રાણીઓ માટે કઠીન છે.**

૨. મોક્ષ શેની મુખ્યતાથી થાય છે? **આત્મ પરિણામો અને અધ્યવસાયની મુખ્યતાથી થાય છે.**

૩. શેમાં અનાસક્ત રહેવાનું છે? **જીવન અને મરણમાં અનાસક્ત રહેવાનું છે.**

૪. સંયમ જીવનનું પાલન કેવી રીતે કરવાનું છે? **સરળ અને જાગૃતિપૂર્વક.**

૫. મારો ધર્મ શું છે? **પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ જ મારો ધર્મ છે.**

**(૧૦)**

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પાંચ સેના કઈ છે? **૧) પાયદળસેના ૨) અશ્વસેના ૩) હસ્તિસેના ૪) મહિષસેના ૫) રથસેના**

૨. અકસ્માત્ દંડ અને આજ્ઞા વ્યવહાર એટલે શું? **અકસ્માત્ દંડ : અકસ્માત જીવહિંસા થવી. અન્યને**

**મારવા જાય અને અન્ય મરી જાય.**

**આજ્ઞા વ્યવહાર એટલે ગીતાર્થ સાધુની આજ્ઞાથી કોઇ તત્ત્વ કે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર કરાય તે.**

૩. પાંચ સભાના માત્ર નામ લખો. **૧) સુધર્મા સભા ૨) ઉપપાત સભા ૩) અભિષેક સભા ૪) અલંકારિક સભા ૫) વ્યવસાય સભા.**

૪. સૂતા માનવ શા માટે જાગે છે? **અવાજ સાંભળવાથી, કોઇનો સ્પર્શ થવાથી, ભૂખ લાગવાથી, નિદ્રા પૂર્ણ થવાથી, સ્વપ્ન આવવાથી.**

૫. સૂત્ર શા માટે શીખવા જોઈએ? **જ્ઞાન માટે, દર્શન માટે, ચારિત્ર માટે, ક્લેશ-કંકાસના ત્યાગ માટે, યથાર્થ ભાવજ્ઞાનાર્થે.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ધન્ય સાર્થવાહ કેવા હતા? **અંગોપાંગથી પરિપૂર્ણ, ગુણ સંપન્ન અને અનેક લોકો માટે આદર્શભૂત હતા.**

૨. ધન્ય સાર્થવાહ કઈ નગરીના કયા રાજાને ત્યાં વેપાર કરવા ગયા?

**ધન્ય સાર્થવાહ અહિચ્છત્રા નગરીમાં કનકકેતુ રાજાને ત્યાં વેપાર કરવા ગયા.**

૩. નંદીફળના ફૂલો અને વૃક્ષો કેવા હતા? **લીલા કાળા વર્ણવાળા ફળ અને ફૂલયુક્ત સુંદર વૃક્ષો હતા.**

૪. ધન્ય સાર્થવાહના દષ્ટાંત દ્વારા શેનો બોધ આપ્યો છે?

**ઈન્દ્રિયોના વિષયોથી દૂર રહેવાનો બોધ આપ્યો છે.**

૫. સંસાર અટવીને કોણ પાર કરી જાય છે? **જે પાંચ ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત થતા નથી, અનુરક્ત થતા નથી, તેઓ સંસાર અટવીને પાર કરી જાય છે.**

૬. ધન્ય સાર્થવાહે કેટલા માસની સંલેખના અને કેટલા ભક્ત આહારનો ત્યાગ કર્યો?

**ધન્ય સાર્થવાહે એક માસની સંલેખના અને ૬૦ ભક્ત આહારનો ત્યાગ કર્યો.**

૭. નંદીફળ કયા સૂત્રનો અધિકાર છે? કેટલામું સૂત્ર છે? **જ્ઞાતાધર્મકથા સૂત્ર, છટ્ઠું અંગ સૂત્ર.**

૮. ધન્ય સાર્થવાહે કયો માલ ભરાવ્યો? **ગણિમ, ધરિમ, પેય અને પરિચ્છેદ્ય.**

૯. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં રહેતા હતા? ત્યાંના રાજા કોણ હતા? **ચંપા નગરી. જિતશત્રુ.**

૧૦. નંદીફળની છાયામાં વિસામો લીધો તેમનું શું થયું? **પહેલા તેમને બહુ સુખ લાગ્યું. પછી ધીરે ધીરે મૃત્યુ ને શરણ થયા.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ચિલાત ઘરમાંથી બહાર કાઢ્યા પછી કેવો બની ગયો? **સ્વચ્છંદી બની જુગારી, માંસભક્ષી, દારૂડિયો, વેશ્યાલંપટ બની ગયો.**

૨. ચોરપલ્લીનું નામ શું હતું? તે ક્યાં હતી? **સિંહગુફા. ઊંચી–નીચી પર્વતમાળામાં વસેલી હતી.**

૩. વિજય ચોરે ચિલાતને શું શીખવ્યું? **ઘણી ચોર વિદ્યાઓ, ચોર મંત્રો તથા છળકપટ.**

૪. સાધુ શેના માટે આહાર કરતા નથી? **સાધુ શરીરના બળ, વર્ણ કે રૂપની વૃદ્ધિ માટે આહાર કરતા નથી.**

૫. ધન્ય સાર્થવાહે શેનો આહાર કર્યો? **સુંસુમાના માંસ અને રૂધિર પકવીને તેનો આહાર કર્યો.**

૬. ધન્ય સાર્થવાહે કોની પાસે દીક્ષા લીધી? કેટલો અભ્યાસ કર્યો?

**ધન્ય સાર્થવાહે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી. ૧૧ અંગનો અભ્યાસ કર્યો.**

૭. ચિલાતે સુંસુમાનું શું કર્યું? **સુંસુમાનું મસ્તક તલવારથી કાપી નાંખ્યું.**

૮. રાજગૃહમાં પ્રવેશ કરતા ચિલાત શું બોલવા લાગ્યો? **જેને નવી માતાનું દૂધ પીવું હોય એટલે કે જે મરવા ઈચ્છતા હોય તે મારી સામે બહાર આવે.**

૯. નગર સેવકોએ ચિલાત ચોરને કેવો કરી દીધો? **હત પ્રત કરીને પરાજિત કરી દીધો.**

૧૦. સુંસુમા કેટલામું અધ્યયન છે? કાલિક છે કે ઉત્કાલિક? **સુંસુમા ૧૮ મું અધ્યયન છે. કાલિક છે.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.**

૧. દ્વારિકા નગરીનો વિનાશ કયા કારણથી થશે? (૩) **સુરા, અગ્નિ, દ્વિપાયન.**

૨. વાસુદેવ નિયમા કેવા હોય છે? (૧) **નિયાણકડા.**

૩. કૃષ્ણ વાસુદેવે ભગવાનને કેવી રીતે વંદન કર્યા? (૨) **આદક્ષિણા, પ્રદક્ષિણા.**

૪. આ સંસાર શેની આગમાં બળી રહ્યો છે? (૩) **જન્મ, જરા, મરણ.**

૫. પદ્માવતીએ કયા તપ કર્યા? (૫) **ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, અર્ધમાસક્ષમણ, માસક્ષમણ.**

૬. કૃષ્ણ વાસુદેવ પોતાને કેવા માને છે? (૨) **અધન્ય, અપુણ્ય.**

૭. અરિષ્ટનેમિ કેવી રીતે આત્માને ભાવિત કરતા હતા? (૨) **સંયમ, તપ.**

૮. ઉપસ્થાન શાળાને બીજું શું કહેવાય? (૨) **કચેરી, બેઠક.**

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. ત્રીજો પ્રહર થતા સોમિલે કઈ યજ્ઞ વિધિ કરી? **સ્નાન, હવન**

૨. સોમિલ બ્રાહ્મણ શેનાથી સમૃદ્ધ હતો? **ધન, ધાન્ય**

૩. સોમિલે વારાણસી નગરીની બહાર શું બનાવડાવ્યું? **બગીચા, વાડી**

૪. સોમિલે કઈ દીક્ષા લીધી? કયું તપ સ્વીકાર્યું? **દિશાપ્રોક્ષિક, છટ્ઠ તપ.**

૫. સોમિલે અંતિમ સમયે શું ન કર્યું? **આલોચના, પ્રતિક્રમણ**

૬ . સોમિલ કાળ કરીને કયા વિમાનના કયા ગ્રહમાં ઉત્પન્ન થયા? **શુક્રાવતંસક, શુક્ર**

૭. આ અધ્યયનમાં શેની મહત્તા પ્રગટ થાય છે? **સમ્યગ્દર્શન, શ્રદ્ધા**

૮. દેવોની ભક્તિ કરી શું ગ્રહણ કરવામાં આવે છે? **યજ્ઞસામગ્રી, ખાદ્યસામગ્રી**

૯. કોણ બોલે છે અને કોને કહે છે?

૧) મૃત્યુ માટે મહાપ્રસ્થાન કરું. **સોમિલ બ્રાહ્મણ મનમાં વિચારે છે.**

૨) મારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા કેમ છે? **સોમિલ દેવને કહે છે.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. ધમ્મં પિ **હુ સદ્દહંતયા, દુલ્લહયા કાએણ ફાસયા ।**

**ઈહ કામગુણેહિં મુચ્છિયા, સમયં ગોયમ !** મા પમાયએ ।।

**અર્થ : ધર્મ પર શ્રદ્ધા થયા પછી પણ સાચા ધર્મનો કાયાથી સ્પર્શ કરવો અર્થાત્ તે પ્રમાણે આચરણ કરવું ઘણું જ કઠીન છે કારણ ઘણા શ્રદ્ધાળું લોકો પણ સંસારના કામભોગોમાં કે ઈન્દ્રિય વિષયોમાં ફસાયેલા કે આસક્ત દેખાય છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૨. કુસગ્ગે **જહ ઓસબિંદુએ, થોવં ચિટ્ઠઈ ! લંબમાણએ ।**

**એવં મણુયાણ જીવિયં, સમયં ગોયમ !** મા પમાયએ ।।

**અર્થ : ડાભના અગ્ર ભાગ પર અવલંબીને રહેલું ઝાકળબિંદુ જેમ થોડીવાર જ રહી શકે છે તેમ આ મનુષ્ય જીવન પણ, ક્ષણભંગુર છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૩. બુદ્ધે **પરિણિવ્વુડે ચરે, ગામગએ નગરે વ સંજએ ।**

**સંતિમગ્ગં ચ વૂહએ, સમયં ગોયમ !** મા પમાયએ ।।

**અર્થ : તત્ત્વોને જાણીને અને કષાયોને પૂર્ણ શાંત કરી, સંયમી બનીને ગ્રામ-નગર આદિમાં વિચરણ કરીને, શાંતિમાર્ગની અર્થાત્ મોક્ષમાર્ગની વૃદ્ધિ કર. આવું કરવામાં હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૪. બેઈંદિય **કાય મઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**

**કાલં સંખિજ્જ સણ્ણિયં, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : બેઈન્દ્રિયકાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ-મરણ કરતા ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ પસાર કરે છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. મનુષ્ય અને દેવમાં લગાતાર કેટલા ભવ કરે છે?

**મનુષ્યમાં લગાતાર સાત અથવા આઠ ભવ અને દેવમાં એક ભવ કરે છે.**

૨. શેનો ત્યાગ કરીને અણગાર ધર્મ સ્વીકાર્યો છે?

**સ્ત્રી અને ધન વગેરેનો ત્યાગ કરી અણગાર ધર્મ સ્વીકાર્યો છે.**

૩. જીવન શેનાથી યુક્ત છે?

**જીવન અનેક વિઘ્નોથી યુક્ત છે.**

**(૧૦)**

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો. અકૃત સંચય, સોવચય-સાવચય, હાનિ, અવસ્થિત. (૪×૨)

**અકૃત સંચય – નારકી આદિ ૨૪ દંડકમાં જ્યાં એક સમયમાં અસંખ્યાતા, અનંતા જીવો ઉત્પન્ન થાય છે.**

**સોવચય-સાવચય – વૃદ્ધિ, હાનિ. જન્મ અને મરણ બંને દ્વારા એકસાથે હાનિ-વૃદ્ધિ થાય, સોવચય-સાવચય કહે છે.**

**હાનિ – જન્મ-મરણ બંને હોય કે એક હોય, પણ જીવોની હાનિ થવી.**

**અવસ્થિત – જો જીવોની સંખ્યા ન ઘટે ન વધે તો અવસ્થિત.**

૨. દેવમાં કૃત સંચય આદિ કેટલા અને ક્યા ભાંગા? તેનો અલ્પ બહુત્વ લખો. ઔદારિકના દંડકનો અવસ્થિત કાળ લખો.

**દેવમાં કૃત સંચય આદિ ત્રણ અને કૃત સંચય, અકૃત સંચય, અવક્તવ્ય સંચય. તેનો અલ્પ બહુત્વ – સૌથી થોડા અવક્તવ્ય સંચય, તેથી કૃત સંચય સંખ્યાતગુણા, તેથી અકૃત સંચય અસંખ્યાતગુણા.**

**ઔદારિકના દંડકમાં ૫ સ્થાવરમાં અવસ્થિતકાળ નથી. ૩ વિકલેન્દ્રિયમાં ૨ અંતર્મુહૂર્ત, ૧ તિર્યંચ પંચે., ૧ મનુષ્યમાં અવસ્થિતકાળ ૨૪ મુહૂર્ત.**

૩. સિદ્ધમાં સાવચય આદિ કેટલા અને ક્યા ભાંગા? તેની સ્થિતિ કેટલી? (૨)

**સિદ્ધમાં બે ભાંગા ૧) સોવચય ૨) નિરૂવચય-નિરવચયા. તેમાં સોવચયની સ્થિતિ જઘ. ૧ સમય ઉ. ૮ સમયની. નિરૂવચય-નિરવચયાની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૬ માસ.**

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો.**

૧. સૌથી વધારે દ્રવ્યાર્થક કોના? (ઔદારિક, આહારક, **કાર્મણ**)

૨. વિવિધ રૂપ કરવાનું પ્રયોજન કોનું? (ઔદારિક, **વૈક્રિય**, આહારક)

૩. પાંચ શરીર પન્નવણા સૂત્રનું પદ? (૨૦, ૨૫, **૨૧**)

૪ . માત્ર છ દિશાનો જ આહાર લે? (**આહારક**, ઔદારિક, તેજસ)

૫. કયા શરીરને આંતરૂં નથી? (ઔદારિક, **તેજસ**, આહારક)

૬. આહારક શરીરમાં કયું શરીર ન હોય? (ઔદારિક, કાર્મણ, તેજસ) **એકપણ નહિ**

૭. ઔદારિક શરીરની અવગાહના? (**૧000 યો. ઝા.**, ૧ લાખ યો., સર્વ લોક)

૮ . હુંડ સંસ્થાન કોને? (દેવ, **નારકી**, આહારક શરીર)

૯. રુચક દ્વીપ સુધી જઈ શકે? (**ઔદારિક**, વૈક્રિય, આહારક)

૧૦. તેજસ શરીરની સ્થિતિ કેટલી? (અંતર્મુહૂર્ત, ૩૩ સાગર, **અનાદિ સાંત**)

(૧૦)

**પ્ર. ૯ કોઠો બનાવીને માર્ગણા લખો.**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. ઊર્ધ્વલોક પંચેન્દ્રિય તેજોલેશ્યા | 0 | ૧૦ | 0 | ૬ | ૧૬ |
| ૨. ઊર્ધ્વલોક નો ગર્ભજ તેજોલેશ્યા | 0 | ૩ | 0 | ૬ | ૯ |
| ૩. મિશ્રદષ્ટિ ગર્ભજમાં | 0 | ૫ | ૧૫ | 0 | ૨૦ |
| ૪. અધોલોક વચનયોગી દેવોમાં | 0 | 0 | 0 | ૨૫ | ૨૫ |
| ૫. તેજો લેશી એકેન્દ્રિયમાં | 0 | ૩ | 0 | 0 | ૩ |
| ૬. બાદર તિર્યંચ એક સંઘયણમાં | 0 | ૨૮ | 0 | 0 | ૨૮ |
| ૭. ઔદારિક શરીર વૈક્રિય કરવાવાળામાં | 0 | ૬ | ૧૫ | 0 | ૨૧ |
| ૮. મિશ્ર દષ્ટિમાં | ૭ | ૫ | ૧૫ | ૭૬ | ૧0૩ |
| ૯. પૃથ્વીકાયમાં | 0 | ૪ | 0 | 0 | ૪ |
| ૧૦. પર્યાપ્તામાં | ૭ | ૨૪ | ૧0૧ | ૯૯ | ૨૩૧ |

**જય જિનેન્દ્ર**


- PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
- FOR BOOKS AND EXAM REGISTRATION